## મોડાસા-શામળાજી હાઈવે પર ઠેર ઠેર પડેલા ખાડા

શામળાજી થી મોડાસા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં નં આવતા ડિસ્કો રોડથી તોબા પોકારી ઉઠ્યા છે પ્રથમ વરસાદમાં જ શામળાજી થી મોડાસા સુધીનો હાઈવે અનેક જગ્યાએ ધોવાઈ ગયો છે. જેને લઈ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઈ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે.વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ટોલટેક્ષ ખંખેરતી ખાનગી કંપની સામે લોકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો ખાડામાં ખાબકતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા નાના-મોટા અકસ્માતની ઘટનાઓ બની રહી છે હાઈવે પર પડેલ ખાડા મોતના ખાડા સાબિત થાય તે પહેલા ખાડાઓની મરામત કરવામાં આવે તે ખુબ જરૂરી છે મોડાસા-શામળાજી હાઈવે પર ઠેર ઠેર ખાડાઓ પડતા વાહનચાલકો માટે ખાડાઓ કમ્મરતોડ સાબિત થઈ રહ્યા છે મોડાસા-શામળાજી હાઈવે પર ખેરંચા નજીક પડેલા ખાડામાં કાર ખાબકતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર નજીકમાંથી પસાર થતા ટ્રક સાથે ટકરાઈ ડિવાઈડર પર ચઢી જતા કાર ચાલક ઈજાગ્રસ્ત થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોંએ ઈજાગ્રસ્ત કાર ચાલકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ માટે સારવાર અર્થે દવાખાને ખસેડી દીધો હતો કરી ઘડાકાભેર ટ્રક સાથે ટકરાતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા સદનસીબે કોઈ જાનહાની ન થતા રાહતનો શ્વાસ લીધો હતો રોડ પર પડેલા ખાડાઓનું સત્વરે મરામત કરાવવામાં આવેની માંગ પ્રબળ બની છે

## જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં ખદબદતી ગંદકીથી બદત્તર હાલત

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં ખદબદતી ગંદકીથી સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. રસ્તાઓ ઉપર વરસાદી પાણીનો ભરાવો તેમજ સોસાયટી વિસ્તારોમાં નિયમિત થતી સાફસફાઈની કામગીરી ખોરવાઈ છે. જેના કારણે સરકારનું સ્વચ્છતા અભિયાન ચોમાસાની સીઝનમાં માત્ર કાગળ ઉપર સિમિત રહ્યું છે. - સરકાર દ્વારા નગરપાલિકા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ તેમજ સાફસફાઈ માટે લાખો રૂપિયાની સહાય આપવામાં આવતી હોય છે તેમ છતાં ચોમાસુ શરુ થાય એટલે પાલિકા વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હવાઈ જતું હોય છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, વડાલી, ઈડર, ખેડબ્રહ્મા અને બાયડ સહિતના પાલિકા વિસ્તારોમાં ચોમાસુ શરુ થયું ત્યાંથી જાહેર રસ્તાઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં ખદબદતી ગંદકી જોવા મળી રહી છે. જ્યારે કેટલાક પાલિકા વિસ્તારોમાં તો વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાનું આંધણ થયું હોવા છતાં સોસાયટી વિસ્તારો ૨ ઈંચ વરસાદમાં પણ બેટમાં ફેરવાઈ રહ્યાં છે. હિંમતનગરના અનેક સોસાયટી વિસ્તારોમાં તાજેતરમાં વરસેલા વરસાદ પછી સોસાયટી વિસ્તારો જળતરબોડ જોવા મળ્યાં. પાલિકા દ્વારા સી.સી.રોડ તૈયાર કરવામાં આવ્યા હતા જેમાં યોગ્ય લેવલ જળવાયું નહીં અને પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય તેની કોઈ દરકાર રાખવામાં આવી ન હોવાથી અનેક સોસાયટી વિસ્તારો વરસાદ સમયે જળમગ્ન થઈ જતા હોય છે. તે જ રીતે અન્ય ૭ પાલિકા વિસ્તારોમાં પણ યોગ્ય રીતે પાણીનો નિકાલ ન થવાથી ચોમાસામાં રહીશોની મુશ્કેલી વધી છે. જ્યારે પાલિકા વિસ્તારના મુખ્ય રસ્તા સહિત સોસાયટી વિસ્તારોમાં નિયમિત સફાઈનું કામ વરસાદની હાજરીથી ખોરવાયું છે. એક તરફ રાજ્ય સરકાર પાલિકા વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ તેમજ યોગ્ય રીતે સાફસફાઈ માટે લાખો રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી રહી છે ત્યાં જિલ્લાના ૮ પાલિકા વિસ્તારોમાં વરસાદના આરંભ સાથે સ્વચ્છતાના નામે બદત્તર હાલત જોવા મળી રહી છે.

## બનાસકાંઠામાં ગુરૂપૂર્ણિમાની ઊજવણી : ભક્તોએ આશીર્વાદ લીધા

ગુરુ પૂર્ણિમા એ આપણા મંદિરોમાં તો સાધુ સંતો ગુરુ ની પૂજા કરી આપણા જીવનમાં ગુરુઓને મહત્વ આપી સાચા માર્ગે આપણે ચાલીએ એવી ભગવાન આપણને શક્તિ આપે તે માટે પૂજા અર્ચના કરીએ છીએ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કોરોનાના છેલ્લા બે વર્ષ બાદ સર્વત્ર ગુરુપૂર્ણિમા કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના તમામ મંદિરો આશ્રમોમાં ભક્તોએ પોતાના ગુરુનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ગુરુજીઓએ તેમના શિષ્યોને કંઠી પહેરાવી ગુરુ મંત્ર કાનમાં બોલી જીવનમાં સાચા માર્ગ પર ચાલવા જણાવ્યું હતું.

## પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટો બંધ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર છેલ્લા છ દિવસ થી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રાત્રીના સમયે અવરજવર કરતા લોકો ને અંધારા ને લઈ ને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તો પાલિકામા રજુઆત બાદ પણ સ્થિતિ જેસેથેની પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર ત્રણ રસ્તા થી સ્વામિનારાયણ સોસાય સુધીની સ્ટ્રીટ લાઈટો છેલ્લા છ દિવસથી બંધ હોય અહી રોજીદુ અવરજવર કરતા લોકો સહિત એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીઓ ના રહિશો ને રાત્રી ના સમયે અવરજવર મા મુશ્કેલીઓ પડી રહી છે તો આ અંગેની જાણ સોસાયટી ઓના રહીશો તથા રોજીદુ અવરજવર કરતા લોકો દ્વારા પ્રાંતિજ નગર પાલિકા મા જાણ કરવા છતાંય હાલતો પ્રાંતિજ પાલિકા જાણે ગોર નિદ્રામા હોય તેવુ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે ત્યારે દિવસે શોભા વધરતા વિજપોલ રાત્રી ના બંધ રહેતા હાલતો છતા વિજપોલે અંધેરા કાયમ રહે તેવી સ્થિતી પેદાથઈ છે તો બીજી રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટો ચાલુ ના હોય અકસ્માત કે બીજી બાજુ ચોમાસા ની ઋતુ હોય ઝેરી જનાવર કરડવાનો ભંય ની સાથે રાત્રીરાત્રીના સમયે ચોરી નો ભય પણ આ વિસ્તાર ના રહીશોને સતાવી રહ્યો છે ત્યારે હાલતો સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા આ વિસ્તાર માં અંધારપટ છવાયો છે ત્યારે પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર અંધારૂ રહેતા પ્રાંતિજ ની શોભા પણ ઘટી છે તો સ્ટ્રીટ લાઈટ ના થાંભલા હાલતો શોભાના ગાંઠીયા જેવા હોય તેવુ લાગી રહ્યુ છે

### જય જય ગરવી ગુજરાતના નારા લાગ્યા

# બાયડ નગરપાલિકા વિસ્તારમાં વંદે ગુજરાત વિકાસ રથયાત્રાનું ઉમળકાથી સ્વાગત

**સરકારની ૨૦ વર્ષની સિદ્ધિઓ અને વિકાસના કામોની પ્રજાને જાણકારી અપાઈ : વૃક્ષારોપણ, કોરોના રસીકરણ સહિત લાભાર્થીઓને યોજનાકીય લાભ અપાયા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

બાયડ નગરપાલિકા વિસ્તારમાં રવિવારે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ આવી પહોંચતાં ગાયત્રી શક્તિપીઠ-બાયડના પરીસરમાંરથનુંસામૈયુંકરી ઉમળકાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. બાયડ નગરપાલિકા પદાધિકારી-અધિકારી તેમજ બાયડ શહેર ભાજપ સંગઠનના હોદેદારોએ કુમ કુમ તિલક સાથે વંદે ગુજરાત વિકાસ રથને કુમ કુમ તિલક કર્યું હતું ત્યારબાદ ભાગીરથ સંસ્કાર હોલમાં ઉપસ્થિત જનસમુદાય અને વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતમાં છેલ્લા ૨ દાયકામાં થયેલા વિકાસના કામોને જનજન સુધી પહોંચાડવાના હેતુથી આયોજીત વિકાસ યાત્રા અંગે જાણકારી આપવામાં આવી હતી. બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે વંદે ગુજરાત વિકાસ યાત્રામાં ઉપસ્થિત લોકો અને લાભાર્થીઓને આવકાર્યા હતા. જ્યારે બાયડ પાલિકા વિસ્તારમાં સરકાર દ્વારા થયેલા વિકાસના કામોનો અહેવાલ ચીફ ઓફીસર સાવિબેન જી. સોની દ્વારા આપવામાં આવ્યો હતો. વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમમાં બાયડ મામલતદાર જાગૃતિબેન ચૌધરી, બાયડ શહેર ભાજપ સંગઠનપ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ તાલુકા સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, યાત્રા કન્વિનર ભૂપતસિંહ સોલંકી, પૂર્વપ્રદેશ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ, જિલ્લા સંગઠન મંત્રી રાહૂલપૂરી ગોસ્વામી, ચંદ્રીકાબેન શાહ, બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, આરોગ્ય, યુ.જી.વી.સી.એલ., વન વિભાગ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૦ બેઠક તેમજ નગરપાલિકા વિસ્તારમાં વંદે ગુજરાત વિકાસ રથયાત્રા પરીભ્રમણ માટે નિકળ્યો છે. છેલ્લા ૨૦ વર્ષમાં રાજયની ભાજપ સરકાર દ્વારા જિલ્લા, તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં થયેલા કામો સહિતની જાણકારી આપવામાં આવી રહી છે. વંદે ગુજરાત વિકાસ યાત્રા તા.૧૭ જુલાઈના રોજ બાયડ પાલિકા વિસ્તારમાં આવતાં ગાયત્રી મંદિર પરીસરમાં બાયડ નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારી-કર્મચારીઓએ વાજતે ગાજતે યાત્રાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ યોજાયેલા કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના લાભીત લાભાર્થીઓને યોજનાકીય લાભ આપવામાં આવ્યો હતો. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, સમારંભના અધ્યક્ષ અને તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમારે સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અને તેનાથી બાયડ નગરપાલિકાના વિસ્તારમાં લાભાર્થીઓને મળેલા લાભ અંગેની જાણકારી આપવામાં આવી હતી. વિકાસ યાત્રા દરમ્યાન નિરામયા યોજના હેઠળ કોરોના વેક્સિનેશન સહિત અનેક કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાયડ તાલુકા હેલ્થ અધિકારી, બાયડ યુ.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર, બાયડ સંકલિત બાળ વિકાસ અધિકારી મિતાબેન પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન મંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર હર્ષદભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, કંચનબેન પટેલ, પ્રકાશભાઈ સોલંકી, મીનાબેન પટેલ, એસ.સી. મોરચાના પ્રમુખ મેહૂલ સોલંકી, મંત્રી મેહૂલ સોલંકી, કમલેશભાઈ જી. પટેલ, સી.ડી.બ્રહ્મભટ્ટ, બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ જીજ્ઞાબેન પંચાલ, અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જીતેન્દ્રભાઈ આર. પટેલ, સરપંચ એસોસીએશનના પૂર્વ પ્રમુખ અશોકસિંહ, તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મયૂરભાઈ પટેલ, પૂર્વ જિલ્લા મહામંત્રી મણીલાલ પંચાલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉપસ્થિત મહેમાનોને છોડ આપીને યાદગાર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન જી.આઈ. ગુજરાતી અને કિરીટભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્રિપદા પ્રા.શાળાના બાળકોએ પ્રાર્થના અને સ્વાગત ગીત સાથે ઉમળકાથી સ્વાગત કર્યું હતું.

### નેશનલ હાઈવે પર સ્વિમિંગ પુલ....!!

## જાણે કાર સ્વિમિંગ પુલમાં નાહવા પડી હોય તેવું દ્રશ્ય : કોન્ટ્રાકટરના વાંકે વાહનચાલકોનો ભોગ

મોડાસા, તા. ૧૭

દિલ્હી થી મુંબઈ ને જોડતો અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ મંથર ગતિએ ચાલી રહ્યું છે સિક્સલેનની કામગીરીમાં આડેધડ ખોદકામના પગલે શામળાજી થી ચીલોડા સુધી ઠેર ઠેર ખાડાઓ પડી જતા ચોમાસામાં તળાવમાં પરિવર્તીત થયા દરરોજ વાહનો ખાડામાં ફસડાઈ રહ્યા છે

વાંટડા ટોલપ્લાઝા નજીક હાઈવે નજીક ખાડો ખોદ્યા પછી કોન્ટ્રાકટરે પૂરણ ન કરતા ખાડામાં પાંચ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું છે પાણી ભરેલ ખાડામાં પસાર થતી કાર ખાબકી હતી સદનસીબે જાનહાની ટળી હતી અનેક વાહનચાલકો ખાડામાં ખાબક્યા હોવાથી સ્થાનિક લોકોએ હાઈવે નજીક ખોદવામાં આવેલ ખાડો કોઈ વાહનચાલકનો ભોગ લે તે પહેલા પુરાણ કરવામાં આવેની માંગ કરી હતી

ઉદેપુર-અમદાવાદ ફોર લેનમાંથી સિક્સલેનમાં પરિવર્તિત કરવાની કામગીરી શરૂ થયા પછી આ રોડ પર આપેલ આડેધડ ડિવાઈડર અને ઠેર ઠેર પડેલા ખાડાઓના પગલે અનેક અકસ્માત સર્જાતા નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓએ જીવ ગુમાવવો પડ્યો છે નેશનલ હાઈવે ઓથોરિટી અને કોન્ટ્રાકટરની બેદરકારીના પગલે ખેડૂતો, વાહનચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે રોડ પર પડતા ખાડા પુરવામાં ભારે બેદરકારીના પગલે અકસ્માતની હારમાળા સર્જાઈ રહી છે હિંમતનગર થી શામળાજી હાઈવે પર પડેલા ખાડાઓનું તાત્કાલિક સમારકામ કરવામાં આવેની સ્થાનિક લોકોની માંગ પ્રબળ બની છે

## ધી મોડાસા સર્વોદય સહકારી બેંકની નવીન શાખાનું મેઘરજમાં લોકાર્પણ થયું

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે સહકારી ક્ષેત્રે આગવું સ્થાન ધરાવનાર તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અંતર્ગત ચાલતી ધી સર્વોદય સહકારી બેંક લી. મોડાસા દ્વારા મેઘરજ મુકામે નવીના શાખાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવીન શાખાનું ઉદ્ઘાટન ધી સર્વોદય સહકારી બેંકના પૂર્વ ચેરમેન ઈકબાલભાઈ ઈપ્રોલિયાના હસ્ત કરવામાં આવ્યું હતું, તેમણે સર્વોદય સહકારી બેંકમાં ચેરમેન પદ ઉપર ૨૫ વર્ષ સુધી નિસ્વાર્થ સેવા આપી છે અને હાલમાં બેંકના મેનેજીંગ ડિરેક્ટર તરીકે કાર્યરત તેઓ કાર્યરત છે. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે છેલ્લા ૩૫ વર્ષ કરતા વધારે સમયથી કાર્યરત ધી મોડાસા સર્વોદય સહકારી બેંકની નવીન શાખાનું લોકાર્પણ થતાં સ્થાનિક લોકોમાં ખુશી વ્યાપી હતી. સહકારી બેંકની સેવા તેમજ ઓછા વ્યજદરે લોન તેમજ સારૂ વ્યાજદર હોવાથી ગ્રાહકો આ બેંક તરફ વધારે વિશ્વાસ દાખવતા હોય છે, પણ ધી સર્વોદય સહકારી બેંકની શાખા માત્ર મોડાસા શહેરમાં હોવાથી વેપારીઓને મોડાસા સુધી પણ આવવું પડતું હતું, જોકે હવે મેઘરજમાં આ નવીન શાખાનું લોકાર્પણ થતાં અતરિયાળ તાલુકા એવા મેઘરજ નગરમાં અને તાલુકાના લોકોને તેનો સીધો જ ફાયદો થશે,, છેવાડાના લોકો સુધી સરકારની બેંકિંગ લગતી યોજનાઓ અને સેવાઓ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે નવીન શાખા શરૂ કરાવમાં આવી છે. ધી સર્વોદય સહકારી બેંક લી. અરવલ્લી જીલ્લામાં લઘુમતી સમાજ ધ્વારા ચાલતી એકમાત્ર પ્રતિષ્ઠિત બેંક તરીકે પંથકમાં સારી શાખ ધરાવે છે. મેઘરજ મુકામે શાખાના પ્રારંભથી મેઘરજ નગરના વેપારીઓ, આગેવાનો તથા જાહેર જનતામાં ખુશીની લાગણી જોવા મળી છે.

આ પ્રસંગે બેંકના ચેરમેન મ. ઈબ્રાહીમ જી બાકરોલવાલા, મેનેજીંગ ડિરેક્ટર ઈકબાલહુસેન ઈપ્રોલિય, શાખ કમિટી ચેરમેન મ.સલીમ એન ખોખર, બોર્ડ ઓફ ડિરેક્ટર ઈબ્રાહીમ ડી. ભૂરા, મ.સલીમ ડી ટીંટોઈયા, અબ્દુલકાદર એચ ખાલક, માયાસીન જી કાજી, મ.નજીર એ સુથાર, મ.ઈદરીશ જી સાબલીયા, મ.યુસુફ જી ખાલક,શ્રી ખાનાભાઈ જે વણકર, આબેદાબેન વાય બાંડી, ફીરદોશબાનું એસ જમાદાર, મેનેજર ફરહાના એમ ચગન, આસી.મેનેજર ગુલમરસુલ જે પટેલ, સીઈઓ યુસુફભાઈ આર જેથરા, બેંકના કર્મચારીઓ, તથા મેઘરજ નગર ના પ્રતિષ્ઠિત આગેવાનો અને મોટી સંખ્યામાં શુભેચ્છકો હાજર રહ્યા હતા.

### જિલ્લામાં વરસાદી વાતાવરણમાં ફૂલની આવકમાં ઘટાડો

## શ્રાવણ માસના તહેવારો સમયે ફૂલના ભાવ ઉંચકાવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલના કારણે ફુલની આવકમાં ધરખમ ઘટાડો થયો છે. ફુલના વાવેતરમાં વરસાદ વિઘ્નરુપ સાબિત થયો છે જેના કારણે ગલગોટા, ગુલાબ, મોગરા સહિતના ફુલોના ઉત્પાદનને અસર થઈ છે જેના કારણે આગામી શ્રાવણ માસના તહેવારો સમયે ફૂલના ભાવ ઉંચકાઈ શકે છે.

- ધાર્મિક ઉત્સવો સમયે ફુલોની મોટી માંગ રહેતી આવી છે. ચોમાસાની સીઝનમાં વરસાદી માહોલ બાગાયતી પાક ગણાતા ફૂલની ખેતી માટે નુકસાનરુપ સાબિત થતો હોવાથી ફુલના ઉત્પાદનને માઠી અસર થતી હોય છે. જિલ્લામાં સતત ૪ દિવસ સુધી વરસાદી માહોલ રહ્યો હોવાના કારણે હવે ફુલની ખેતી કરનારા ખેડૂતો માટે માઠા દિવસ શરૂ થયા છે. વરસાદી વાતાવરણના કારણે ફુલનું ઉત્પાદન ઘટી ગયું છે. એક તરફ ગુરુપૂર્ણિમાના પર્વ સાથે હવે આગામી સમયમાં શ્રાવણ માસના વિવિધ ધાર્મિક ઉત્સવો નજીક આવી રહ્યા હોવાથી ફૂલની માંગમાં ઉછાળો આવી રહ્યો છે પરંતુ ઘરઆંગણે ફૂલનું ઉત્પાદન ઘટી જતાં હવે બહારથી આયાત થતા ફૂલના ભાવ વધવાની સંભાવના વ્યક્ત થઈ છે. જિલ્લામાં અસંખ્ય ખેડૂતો વર્ષોથી રોકડીયા પાક સમી ફુલની ખેતી કરતા આવ્યા છે જેમાં ગલગોટા, ગુલાબ, લીલી, મોગરો, જલધરા સહિતના ફૂલનું ઉત્પાદન મેળવી સ્થાનિક બજારમાં તેનું વેચાણ કરી આવક મેળવતા હોય છે પરંતુ હમણાંથી ફુલની આવકને

અસર થઈ છે. ધાર્મિક ઉત્સવો નજીક હોવાથી મંદિરોમાં શણગાર માટે વધુ ફૂલોની માંગ ધીરે ધીરે વધી રહી છે. તે સંજોગોમાં સ્થાનિક ખેડૂતોને ફૂલની ખેતીમાં વરસાદી માહોલ અડચણરુપ બનતાં ઉત્પાદન ઘટવાથી હવે આગામી ટૂંક સમયમાં જ ફૂલના ભાવમાં વધારો થઈ શકે છે.

### વિજ તંત્રની બેદરકારી આફત નોંતરશે

## આકરુન્દ ગામમાં લોખંડના અનેક વિજપોલમાં કરંટ ઉતરતાં અફરા તફરી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

તાલુકાના આકરુન્દ ગામમાં ગત સમી સાંજે લોખંડના અનેક વિજપોલમાં કરંટ ઉતરતાં અફરા તફરી મચી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી પરંતુ વિજ તંત્રની બેદરકારી આફત નોંતરી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસુ શરુ થાય તે અગાઉ પ્રિ-મોન્સુન એક્શન પ્લાન અંતર્ગત દરેક વિભાગોને પોતાની કામગીરી પૂરી કરવા સૂચના આપવામાં આવી હતી પરંતુ ધનસુરાનું વિજતંત્ર હોતિ હૈ ચલતી હૈ ની કામગીરીથી પંકાયેલું છે અને તેમાંય આકરુન્દ પંથકમાં વરસાદના ચાર છાંટા પડે એટલે કલાકો સુધી વીજળી ડૂલ થઈ જાય છે. બફારાના કારણે પંથકની પ્રજા ત્રાસદાયક સ્થિતિમાં મૂકાય છે. ગત રોજ આકરુન્દ વિસ્તારમાં મૂશળધાર વરસાદ શરુ થયો તે પૂર્વે બજારમાં આવેલા લોખંડના વિજપોલમાંથી કરંટ ઉતરવા લાગ્યો હતો. નજીકમાંથી પસાર થતા મૂંગા પશુઓ ખેંચાતાં જાગૃત યુવાનને ખ્યાલ આવતાં તાબડતોબ ઉપસરપંચને જાણ કરી હતી જેથી વિજ તંત્રને જાણ કરવામાં આવી. વિજ પુરવઠો સમયસર બંધ કર્યો ન હોત તો મોટી જાનહાનીની સંભાવના હતી. લોખંડના વિજપોલ હોય ત્યાં પ્લાસ્ટીકના આવરણથી તેને સુરક્ષિત કરવાના હોય છે પરંતુ વિજ તંત્ર ભૂલ્યું છે કાં તો પછી માત્ર કાગળ ઉપર જ કામગીરી પૂરી કર્યાનો રિપોર્ટ આપ્યો હોય તેવું પણ બની શકે.